જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૧/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૯૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૭	૦	૧૧૭	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૨૮૮	૮૮	૭૩૩૭૬	૭૪૩૫૧	૮૬	૭૪૪૩૭
કુલ		૮૯૮૪૯	૮૮	૮૯૯૩૭	૯૮૮૪૭	૮૬	૯૮૯૩૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૧	૩,૩૧,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨૧	૩,૨૧,૦૦૦/-

બ્લડ ડોનેશન કેમ્પ/નિબંધ વકતૃત્વ અને ચિત્ર સ્પર્ધા આયોજનની વિગત

વટવા અને વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન :-

વટવા પોલીસ સ્ટેશન ખાતે મુસ્કાન માટે રક્તદાન મહાદાન અંતર્ગત થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં વટવા તથા વટવા જીઆઈડીસી પોલીસના તથા નગરજનોના સહયોગથી રેકોર્ડ બ્રેક “૧૧૧૧” બોટલ બ્લડ ડોનેટ થયેલ છે.









ઝોન-૬ :-

શહીદ સંભારણા દિન તથા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ના ભાગરૂપે ઝોન-૬ વિસ્તારમાં આવેલી અલગ-અલગ શાળાના ધોરણ- ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ વચ્ચે નિબંધ વકતૃત્વ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૨૫ શાળાના ૧૫૦ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો અને ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ તથા સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા.







નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૯૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયરટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૨૦૦૦/૨૦૨૧**

ઓઢવઃ તેજાભાઈ જકશીભાઈ દેસાઈ (ઉ.વ.૭૬)(રહે.મુનીસુવ્રતસ્વામી સોસાયટી, મલ્લીનાથપ્રભુ સોસાયટીની બાજુમાં આદીનાથનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૧ સવારના ૯/૦૦ થી તા.૦૧/૧૧/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૨૦૦૧/૨૦૨૧**

કાલુપુરઃ બિંદુબહેન વા/ઓ તનમયકુમાર પટેલ (ઉ.વ.૪૦)(રહે.દ્વારકેશ ગ્રીન્સ, વેનેસીયન વિલા બંગ્લોઝ સામે, થલતેજ શિલજ રોડ, શીલજ) તા.૩૧/૧૦/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન રીલીફ રોડ એલ.આઇ.સી. ઓરીએન્ટલ બિલ્ડીંગ થી રતનપોળ અંદર ઝવેરીવાડ "ખેમનદા ડ્રેસીસ" નામની દુકાન સુધીનાં રસ્તામાં કોઇ અજાણી વ્યક્તિએ બિંદુબહેનની નજર ચુકવી તેમના હાથમા લટકાવેલ મોટા પર્સની ચેન ખોલી તેમાંથી એક નાનુ પર્સ કે જેમાં અગત્યના દસ્તાવેજો, સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૪,૫૦૦/- ની મતા મુકેલ હતી તે નાનુ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની ફરીયાદ બિંદુબહેન પટેલ એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૦૨/૨૦૨૧**

વાડજઃ કિરીટભાઇ હાથીભાઇ રાવત (ઉ.વ.૫૦)(રહે.પરીક્ષીતનગર, જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ જંતુનાશક દવા પી લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૧૧/૨૦૨૧ સવારના ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.